# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


ઈ-મેગેઝીન • વર્ષ : ૯ • સળંગ અંક : ૪૧૯ • તા. ૨૦ જૂન થી ૨૬ જૂન ૨૦૨૬

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.






# સાંધવ નગરે શાંતિ શીતલ પ્રભા શિબિર ઉજવાઈ


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

# અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

## મન મર્કટ છે, એને કાબૂમાં રાખવું મુશ્કેલ છે

મનની અવસ્થા મર્કટ જેવી છે. જે ઘડી બે ઘડી જંપીને બેસતો નથી. ઘડીક અહીં, ઘડીક તંહી, વાંદરાની જેમ ઝાડની ડાળી ડાળી પર કૂદીને પોતાને પ્રવૃત્ત રાખે છે. મનુષ્યનું મન ત્રણ અવસ્થામાં રહે છે. સુષુપ્ત, સ્વપ્ન અને જાગૃત, માણસ ઊંઘ તો હોય કે જાગતો હોય વિચારોના અશ્વો હણહણાટી સાથે આગળ ધસતા હોય છે. જે મનોજંપ લેવા દેતા નથી. અંતર મનની આ અવસ્થા ઈચ્છા, કામના અને આકાંક્ષાની કામનાથી ધગધગતી હોય છે.

માણસ સૂતો હોય ત્યારે સ્વપ્ના જોતો હોય છે. પરંતુ ખુલ્લા આંખે પણ તે સ્વપ્ન ને જોતો રહે છે. દ્રષ્ટિ કંઈ જોતી હોય ને મન મર્કટ બની અન્યત્ર દોડતુ હોય. આ ચિત અવસ્થા સૂન ભરી કરી દે છે અને ત્યારે સાંભળવા મળે છે કે ચિતભ્રમમાં જીવે છે. સ્વપ્નમાં આવતા રૂપકડા લાગે છે. વિચારોના તરંગ બંધ થઈ જાય ત્યારે સ્વપ્નો પોતાની સૃષ્ટિને આગળ વધારે છે. મન સ્થિર નથી એ ચંચલ અને તરંગી છે. એક વિચારની પર અડગ રહેનાર નથી. ઘડીક અંહીયા અને ઘડીક ત્યાં એવી અવસ્થા ભોગવે છે.

જેમ સારા માણસોની નિષ્ક્રિતાથી દુષ્ટ તત્વોને મોકળું મેદાન મળે છે. ધર્મીઓની સુષુપ્માથી અધર્મીઓ જાગૃત રહે છે. જે આખરે વિનાશકતાનો માહોલ સર્જે છે. સજાગતા અને સર્તકતાનો સજ્જનો રાખે તો દુર્જનો વિકસી શકતાં નથી. એટલે જ સારા માનવીઓ સમયસર જાગૃત થતા નથી એટલે ખરાબ માનવીઓ પોતાનો ઉપદ્રવ બે રોકટોક મચાવતા રહે છે. જે કાર્ય કરીએ તેનું વધુ મહત્વનું નથી મહત્વ તેનું છે કે આ શા માટે કરી રહ્યાં છીએ?

મનોવૈજ્ઞાનિક કહે છે કે સપનાએ વ્યક્તિની ઈચ્છાને સંતોષ આપતી માનસિક અવસ્થા છે. સહેલાઈથી મનને આત્મ સંતોષ, માનસિક સુખ મળે એટલે સ્વપ્ન જુએ છે. સપના સેવે છે. માણસનું મન પોતાનું જોવાને બદલે અન્યની જિંદગીમાં ડોકિયા કરે છે. અન્યની ચાલ, ચલગત, આચાર, વિચાર શું કરે છે, કેવી રીતે જીવે છે, એના સ્વજનો, પરિવારજનો મિત્રો સાથે કેવી રીતે રહે છે, વર્તે છે. એની આગળ વધવાની યોજના શું છે એ જાણવાનો સતત પ્રયત્ન તે કરતો રહે છે. મર્કટ જેમ એક ઝાડની ડાળી પર બેસી રહેતો નથી એમ મનનો મર્કટ એક જ વ્યક્તિના જીવનમાં ડોકિયું નથી કરતું, પણ આજુબાજુના સૌ, તેના સંપર્કમાં આવતા સૌના જીવનમાં સતત ડોકિયું કરી તેનું પગેરું રાખે છે. અને એ હિસાબે પોતાનો પ્લાન ઘડે છે. એ સૌથી પોતે આગળ રહે એવા ખ્યાલથી પોતાના કામના સોગઠા ગોઠવે છે.

માત્ર સપના જોતો મન જો એ સપના સિધ્ધ થાય એ માટે જહેમત કરે તો ઘણી બધી સિધ્ધિ હાંસલ કરી સફળતાના શિખર તરફ પોતાના કદમ રાખી શકે છે. અળવિતરું મન માત્રને માત્ર તર્કહીન વાતો ને ઝૂલે ઝૂલયા કરે તો શ્રમને લીધે થાકી જશે પણ રહેશો તો ઠેરનું ઠેર. આગળ વધવા આશા સાથે ઉમંગ. ઉત્સાહ અને સંયમનો સાથ મળે તો જ લક્ષ્ય પામવું સહેલું થશે.

– જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane (W),
Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# પુસ્તકો એટલે જ્ઞાનની પરબ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દરેકના જીવનમાં મિત્ર હોવા જરૂરી છે. વાચાળ મિત્ર આપણા દુ:ખ દર્દ સમસ્યાઓને સમજી જાણીને તેનું શમન કરે છે. પણ જ્યારે આપણે એકલા હોઈએ. ગમગીન, શોકમાં હોઈએ અને સમીપ કોઈ મિત્રનો સંગાથ ન હોય ત્યારે કોઈ એક પુસ્તક આપણનો સાથી, સખા કે મિત્ર બની શકે છે. નિર્જીવ પુસ્તક એ જ્ઞાનના અક્ષય ભંડારની સંગાથે આપણી સાથે જીવંત બની જાય છે. માટે જ પુસ્તકને આપણા પરમ મિત્ર કહ્યા છે. જ્યારે કોઈ વ્યક્તિ એકલતા અનુભવે, તેને તેના જીવનનો કોઈ પ્રશ્ન મૂંઝવતો હોય તો તે પુસ્તકના સહારે અચૂક સુનિશ્ચિત માર્ગ પ્રાપ્ત કરી શકે છે.

મોબાઈલને આપણે મિત્ર બનાવીને ખોટું ભલે નથી કર્યું પણ પુસ્તકને આપણે અળગા રાખીને જરૂર કંઈક ખોટું કર્યું છે એ નક્કી વાત છે. મોબાઈલમાં જ્યારે ચાર્જીંગ ન હોય, વાઈફાઈ કે ડેટા ન હોય, કે કન્ટેકટિવનો પ્રોબ્લમ ન હોય ત્યારે બંધ હોય જ્યારે પુસ્તક તો ૨૪ કલાક આપણી સમીપ હોય છે અને ગમે ત્યારે તેનું સાંનિધ્ય પામી શકીએ છીએ. પુસ્તક એક એવી અમૂલ્ય ભેટ છે. જેને તમે વારંવાર ખોલી તેનો ઉપયોગ કરી શકો છો. પુસ્તકો એક એવું સેતુ છે જેના દ્વારા આપણે વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે અજાણપણે પહોંચી જઈએ છીએ. પુસ્તકનું વાંચન કરવાથી આપણી એકલતામાં ચિંતન-મનનની ટેવ પડે છે.

અઠંગ વાંચન પ્રેમીઓ બેઠાં બેઠાં કે પ્રવાસ કરતા જમતા જમતા પણ પુસ્તકને અળગાં કરતાં નથી. જેને વાંચન રસ ઘૂંટવું છે તેને એના વગર ચાલે જ નહીં. સમય ન હોવાની જહોજદ વચ્ચે પણ તેઓ સમય કાઢી લે છે અને હાથને હૈયું પુસ્તક તરફ ખેંચાઈ જાય છે. વાંચન પુસ્તક મેગેઝિન કે અખબારનું હોય. વાંચન પ્રેમી માટે કાગળ પર છપાયેલ અક્ષરો એને મન બ્રહ્મસ્વરૂપ છે. પુસ્તકોને પામવા અને દુનિયાભરના લેખકોના પુસ્તકો વાંચવા માટેની તરસ ક્યારે છુપાતી નથી. પુસ્તકો વાંચવા માટે તો કેટલીય જિંદગીઓ ઓછી પડે, વાંચનની દુનિયા એટલી વિશાળ છે. પુસ્તકો એટલે સંસ્કૃતિ જ્ઞાન અને સમજણનો ઉત્સવ. વાંચન એટલે જ્ઞાનનું વાવેતર. પુસ્તક એટલે જ્ઞાનનો અક્ષય ભંડાર. પુસ્તક એટલે એકલતામાં સંગાથ આપતો મિત્ર. જીવનમાં કોઈ પ્રશ્ન મૂંઝવતો હોય તો પુસ્તકનો સંગાથ માણવાથી અચૂક સુનિશ્ચિત માર્ગ પ્રાપ્ત થાય છે.

વાંચન માટે અક્ષર જ્ઞાન જરૂરી છે. જ્યારે આજના યુગનું પ્રાણ પ્રિય મિત્ર મોબાઈલનો ઉપયોગ કરવા માટે ટેકનિકલ સમજ અને મહાવરો હોવો જરૂરી છે. આવડત જરૂરી છે વર્તમાનમાં સંજોગ એવા થયા છે કે પુસ્તકના પ્રેમથી સૌ અળગાં થઈ ગયાં છીએ. મોબાઈલના વપરાશને કારણે પુસ્તક વાંચનની આદત વિસરાઈ ગઈ છે. સાવ નવરા ધૂપ હોઈએ તે છતાં આપણી પાસે સહેજ ફૂરસદનો સમય નથી. એ ખરું છે કે ટેકનોલોજીનો ઉપયોગ આજે જરૂરી છે. એનો સંપૂર્ણ વપરાશ નહીં કરીએ તો દુનિયાની સાથે નહીં પણ દુનિયાથી બહાર ગણાઈશું, પછાતની કેટેગરીમાં બેસી જઈશું પરંતુ ટેકનોલોજીના જ્ઞાન, અનુભવ સાથો સાથ પુસ્તકો સાથે રાખીને ચાલવું જરૂરી છે.



જ્યારે આપણે કોઈ બાબતથી કંટાળીએ ત્યારે પુસ્તકનું વાંચન આપણા મિત્રની ગરજ સારે છે. પુસ્તકના વાંચન થકી નવા વિચારો, નવી ઊર્જા, નવી કળા કે સંસ્કૃતિનો સંગમ સાધી પોતાનામાં રહેલી આવડતની ઓળખ વિકસાવી શકીએ છીએ. એટલે જ કોઈ પુસ્તક પ્રેમી એ લખ્યું છે ***'મારા નાનકડા ખોળામાં જ્ઞાન છે ઝાઝું, ખોલો ઘડીક તો મન કરે તાજું, મિત્ર બનીને ઝાલે છે બાવડી, પુસ્તક કેરી દુનિયાથી તરી જાય મારી નાવડી.'***


**જ્ઞાતિમૈયામાં ડિજીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**


| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 12,000.00 | 22,000.00 | 40,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 16,000.00 | 22,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 11,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સાંધવ નગરે શાંતિ શીતલ પ્રભા શિબિર ઉજવાઈ











તા.૨ મે ના સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતળ છાયામાં પ.પૂ.સાધ્વીજી હીતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીજી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.શુભનિશ્રામા વાજતે ગાજતે તોરણ બંધન કરવામાં આવેલ.

બાદ સર્વે આરાધકોને યોગા કરાવેલ ત્યાર બાદ પુજાપાઠ શ્રી સ્નાત્ર પૂજા ભણાવવામાં આવેલ અને પૂજ્ય શ્રી એ વ્યાખ્યાન આપેલ. સારી સંખ્યામાં આરાધકોએ આ શિબિરમાં ભાગ લીધેલ.

પરમ પૂજ્ય સાધ્વીજી શ્રીહિતપ્રજ્ઞાશ્રીજી આદી ઠાણા-૨ની શુભ નિશ્રા માં તા. ૦૩ મે રવિવારના રોજ શ્રી શાંતિ શીતલ પ્રભા શિબિરનો શુભારંભ થયેલ. પ્રવીણ કુંવરજી મોતા સાંધવ-ડોમ્બિવલી દીપ પ્રગટાવી શિબિરનો પ્રારંભ કરેલ.

શ્રી શાંતિ શીતલ પ્રભા શિબિરના બીજા દિવસે તા. ૦૪ મે વૈશાખ વદ ૩ ના પરમ પૂજ્ય સાધ્વીજી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. ૩૦ મી દીક્ષા તિથિ નિમિત્તે મહા શક્રસ્તવ અખંડ ધારા અભિષેક શાંતિનાથ પ્રભુના ૧) સુવર્ણ જળ, ૨) ઔષધીક યુક્ત ૩) ન્હણ જળ દ્વારા કરવામાં આવેલી જેમાં ભક્તિ રંગ પૂજ્ય શ્રી અને શિબિરની બહેનોએ આનંદપૂર્વક લાભ લીધેલ. તેમનો લાભ માતૃશ્રી વિમલાબાઈ ઠાકરશી પટેલ મુલુંડ તરફથી કરવામાં આવેલ. અખંડ અભિષેકમાં રૂપિયા ૨૦ની પ્રભાવના માતૃશ્રી લીલાવતીબેન ખીમજી લખમશી છેડા તલવાણા, રૂપિયા ૧૦ ની પ્રભાવના માતૃશ્રી વિમલાભાઈ ઠાકરશી પટેલ-મુલુંડ, શેઠ ચાંપશીભાઈ માણેકજી લોડાયા-ઘાટકોપર, શેઠ શામજીભાઈ નરશી દંડ-મુલુંડ ટોટલ પ્રભાવના રૂા.૫૦ ની કરવામાં આવી.

# સાંધવ નગરે શાંતિ શીતલ પ્રભા શિબિર ઉજવાઈ




















તા. ૧૨ મે મંગળવાર શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત શ્રી શાંતિ શીતલ પ્રભા શિબિરની પુર્ણાહુતી નિમિત્તે શ્રી સાંધવ નગરની વથાણમાં ગૌ માતાને બત્રીસ પકવાન ભોજન ૩૬ ફ્રૂટ, પકવાન, સાથે સાથે નીલો ચારો, સૂકો ચારો, ભુસો, ગોળ, મીઠી લાપસી, જલેબી,ફાફડા, બુંદી લાડુ, મોહનથાળ, વગેરે. ગૌમાતાને સવાર ના ૦૮:૩૦ કલાકે નિરવામાં આવેલ.

સર્વે દાતા પરિવાર શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈની ખુબ ખુબ અનુમોદના.

તા. ૧૨ મે મંગળવાર શ્રી શાંતિ શીતલ પ્રભા શિબિરના દસમા દિવસે અનંતલબ્ધી નિધાન, શ્રી રાજ઼ રાજેશ્વરી, શ્રી પાર્શ્વપદ્માવતી માતાજી તથા શ્રી ગુરૂગૌતમ સ્વામીજીનો નવમો સ્થાપના દિન નિમિત્તે ચાલીસા પાઠ સહ અષ્ટપ્રકારી પૂજા શ્રી પાર્શ્વપદ્માવતી માતાજીનો જાપ રાખેલ છે. સમય બપોરેના ૦૨:૩૦ કલાકે થી ૦૩:૩૦ કલાક સુધી એમનો લાભ માતૃશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા, માતૃશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, માતૃશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ-મુલુંડ તરફથી રૂપિયા ૩૦/- ની પ્રભાવના કરવામાં આવેલ,

# સાંધવ નગરે શાંતિ શીતલ પ્રભા શિબિર ઉજવાઈ










શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત શ્રી શાંતિ શીતલ પ્રભા શિબિર ઉજવાઈ.

તા. ૦૨ મે થી તા. ૧૩ મે સુધી આ બાર દિવસનો સંપૂર્ણ લાભ **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ** એ લીધેલ.

સર્વે આરાધકો ૧૦૦ જેટલી સંખ્યામાં ભાગ લીધેલ. શિબિર દરમિયાન મહેમાનો સારી સંખ્યામાં પધારેલ.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ તરફથી ટ્રાવેલિંગ થેલો તથા મુંબઈથી સાંધવ આવવા જવાની ટ્રેન ટિકિટનો સર્વે લાભ લીધેલ.

અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ માણેકજી લોડાયા પરિવાર સાંધવ-થાણાં તરફથી બેગપેક આપવામાં આવેલ.

દરેક ભાગ્યશાળી પરિવાર તરફથી આરાધકો ભાઈ બહેનોને રૂપિયા ૧,૩૦૦/- આપવામાં આવેલ.

શિબિર દરમિયાન ધર્મ જ્ઞાનની પરીક્ષા લેવામાં આવેલ.

(૧) રૂપિયા ૨૫૦/- (૨) ૨૦૦/- (૩) ૧૫૦/- (૪) ૧૦૦/- બે જણા (૫) ૫૦/- બે જણા (૬) ૨૦/- બાર જણાને ઇનામ આપવામાં આવેલ.

બીજી પરીક્ષામાં ૪૦ જણાને ઇનામ આપવામાં આવેલ. શ્રી સાંધવ નગરના સર્વે સ્ટાફ જેમકે રસોડા, અતિથિગૃહ, દેરાસરજીનું અનુમોદના કરવામાં આવેલ.

સાધ્વીજીની વૈયાવચ્છ કરેલ તેમનું પણ અનુમોદના કરવામાં આવેલ.

# સાંધવ નગરે શાંતિ શીતલ પ્રભા શિબિર ઉજવાઈ













ભારતીબેન માઉ ભાનુશાલી જખૌ – વાપીથી પધારેલ. ૪૫૦-૫૦૦ જેટલાં સ્તવનો મોઢે થી બોલે છે (સર્વે સ્તવનો યાદ છે) જૈન ધર્મનું જ્ઞાન છે તેમની પણ અનુમોદના કરવામાં આવેલ. સુથરીથી હીરાબેન ધરમશી પધારેલ ધર્મનું જ્ઞાન વિશાળ છે તેમનું અનુમોદના કરવામાં આવેલ.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના જયેશ જૈન, વિપુલ પટેલ, વીરેન્દ્ર લોડાયા, શ્રી સાંધવ નગરે પહોંચી ના શકેલ પરંતુ ટેલિફોનથી સર્વે શિબિરની ગતિવિધિમાં સામેલ હતા. પ્રવીણભાઈ લોડાયા-અરીખાણા પધારેલ. જલગામથી કેતન નાગડા-સાંધવ પધારેલ.

ગ્રુપના પ્રવીણભાઈ મોતા જે શિબિરમાં સર્વે બાર દિવસ રહી શિબિરનું સંચાલન કરી ચાર ચાંદ લગાવેલ. શિબિરમાં દિવસ રાત એક કરી પંકજ ડાઘા, દિલીપ પૂજારી, રઘુભા જાડેજા, મહેશ મોતા, ખીમજીભાઈ લોડાયા, મનોજભાઈ ધ્રોળ, ડોલર લોડાયા, ગુણવંતીબેન મોતા, જ્યોત્સનાબેન દંડ, જૈનમ ડાઘા, (જે રોજ પ્રભુજીની ભવ્યાતી ભવ્ય અંગ રચના કરતા) સર્વે કાર્યકર્તા ભાઈ બહેનોની ખુબ ખુબ અનુમોદના.

શ્રી લહેરચંદ ખોના સાંધવ-ગાંધીધામ આવેલ. શિબિરમાં ચાર દિવસ હાજરી આપેલ. ગ્રુપના દાતા પરિવારોની ખુબ ખુબ અનુમોદના.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવના પ્રમુખ શામજીભાઈ દંડ તથા વડીલ ચાંપશીભાઈ માણેકજી લોડાયા દરરોજ ફોન દ્વારા આ શિબિરમાં જોડાયેલા હતા. દરરોજ કાર્યક્રમમાં પોતાની સમજ-સલાહ આપતાં ગ્રુપના સક્રિય કાર્યકર્તા જયેશ લાલકા, વિનોદ લાલકા, કેવલ લાલકા બે દિવસ હાજરી આપેલ સર્વેની ખુબ ખુબ અનુમોદના.

# સાંધવ નગરે શાંતિ શીતલ પ્રભા શિબિર ઉજવાઈ













તા. ૧૨ મે વૈશાખ સુદ અગિયારસ મંગળવાર શ્રી શાંતિ શીતલ પ્રભા શિબિરનાં દસમાં દિવસે શ્રી પુજ્યશ્રી એ ક્રિકેટ મેચ રમાડેલ. આ એક અલગ ધર્મની ક્રિકેટ મેચ હતી. આ ક્રિકેટ મેચમાં ચિ:મીરલ લહેરચંદ મૈશેરી ગામ: મોટી સિંઘોડી વિજેતા થયેલ.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ તરફથી ઇનામ આપવામાં આવેલ.

સર્વે ધર્મ ધુરંધર ખેલાડીની ખુબ ખુબ અનુમોદના.

પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૬મી સંયમજીવન પ્રવેશ નિમિત્તે સાંધવ નગરે પૂજ્યશ્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ.

ઉજવણી ઉલ્હાસપૂર્વક ડેકોરેશન, રંગોળીઓથી સજાવટ કરવામાં આવેલ.

બહેનો બેડા લઈને ધ્વજાવંદન તથા ઢોલ-શરનાઈથી પૂજ્યશ્રીને વાજતે ગાજતે ઉપાશ્રયમાં પધારેલ. ત્યયારબાદ ભવ્ય ઉજવણી કરવામાં આવેલ.

ખીમજીભાઈ લોડાયા, ડોલર લોડાયા, જૈનમ ડાઘા, હેમાલીબેન ખોના, શ્રેયા મોતા, મીરલ મૈશેરી, તનીષા ખોના, કાંતાબેન લોડાયા, તન્વી ડાઘા, પ્રિયાંશી લોડાયા, ચાંદની લોડાયા સારી જહેમત ઉઠાવેલ.

શિબિરમાં પૂજ્ય શ્રી દ્વારા સંયમ જીવનના ઉપકરણ પ્રદર્શન સ્મૃતિમાં વિજેતાઓ ૭ જણા હતા. એમને નવલબેન હીરાચંદ હસ્તે સ્વાતિબેન સમીર દ્વારા અભિવાદન કરવામાં આવેલ.

પ.પૂ.હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ૧૫ દિવસ સુધી સર્વે કચ્છની પાંજરાપોળમાં જીવદયામાં નીલી જુવાર નીરવામાં આવેલ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ મુંબઈ તરફથી.

# સાંધવ નગરે શાંતિ શીતલ પ્રભા શિબિર ઉજવાઈ





સાંધવ નગરે શાંતિ શીતલ પ્રભા શિબીરમાં પ્રભાવના લાભાર્થી પરિવાર રૂપિયા ૩૧૦૦/- અ.સૌ. સુશીલાબેન તિલકચંદ લોડાયા કોઠારા-મુલુંડ.

રૂપિયા ૨૫૦૦/- ચિ પ્રિયાંશી જયેશ લોડાયા-મુલુંડ, શેઠ ચાંપસીભાઇ માણેકજી લોડાયા-ઘાટકોપર, શેઠ શામજીભાઈ નરશી દંડ-મુલુંડ, માતૃશ્રી વિમલાબાઈ ઠાકરશી પટેલ-મુલુંડ, સંઘવી ભાગચંદ દામજી જૈન કોઠારા-મુલુંડ, માતૃશ્રી જીઠીબાઈ કેશવજી ઘરમશી સુથરી-મુલુંડ.

રૂપિયા ૨૧૦૦/- કેતનભાઈ લક્ષ્મીચંદ નાગડા-જલગામ, માતૃશ્રી નિર્મલાબેન નવીચંદ્ર લોડાયા-મુલુંડ, માતુશ્રી કાન્તાબાઇ આનંદજી ખોના-ગાંધીધામ.

રૂપિયા ૧૫૦૦/- માતૃશ્રી હિરબાઈ મણશી વોરા દેવપર-સાન્તાક્રૂઝ.

રૂપિયા ૧૧૦૦/- અ.સૌ.કાજલબેન નિખિલ પટેલ અને અ.સૌ.હેતલબેન હિતેશ પટેલ-મુલુંડ, ચિ.શ્રેયા પ્રવીણભાઈ મોતા-ડોમ્બિવલી, ચિ.તનિષા હેમાલી હિમાંશુ વિરચંદ ખોના-ડોંબિવલી, ચિ. કિંજલ ઉત્તમ ભવાનજી દંડ-મુલુંડ, અ.સૌ. રમીલાબેન વિમલ પ્રકાશ લોડાયા-આણંદ, અ.સૌ. છાયાબેન વિરેન્દ્ર લોડાયા નલિયા-મુલુંડ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા-મુલુંડ, માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ-મુલુંડ હજી પણ જે ભાગ્યશાળી પરિવારે લાભ લીધેલ.

રૂપિયા ૫૦૦/- અ.સૌ.સોનલબેન ગિરીશ લોડાયા-લોકાપુર, વિમલાબાઈ ખીમજી મૈશેરી જખૌ-ડોંબિવલી, વર્ધમાનભાઈ હીરજી લોડાયા કોઠારા-અમદાવાદ, ભાવેશભાઈ મીનાબેન વિસનજી દંડ-વડાલા, અ.સૌ.મીનાબેન મુકેશ ખીમજી દંડ-વાપી, ચિ.જીલ શીતલબેન રાજેશ દંડ-ભાંડુપ, અ.સૌ. તન્વીબેન પંકજ ડાઘા વરાડીયા-સાંધવ, હીનાબેન મનોજ ધ્રોળ કોટડી-ડોંબિવલી.

રૂપિયા ૨૫૦/- હીરજી મેઘજી ધરમશી તેરા-ડોંબિવલી, કિરણ લાલજી દંડ પરજાઉ-નાહુર, અ.સૌ. અક્ષીતા કેવલ લાલકા વારાપદ્ધર -ડોંબિવલી, જયશ્રી વિરચંદ પટેલ-ગાંધીધામ, માતૃશ્રી લીલાબાઈ માણેકજી દંડ-ડોંબિવલી, પ્રભાબેન નીતિન ધરમશી સાંધાણ-ડોંબિવલી, માતૃશ્રી હીરબાઈ કુંવરજી લાલકા-વારાપદ્ધર, હિરાચંદ કુવરજી કુરવા ગોધરા-મસ્જીદ બંદર, માયરા અંકિત નવીનચંદ્ર લોડાયા-મુલુંડ, અ.સૌ.ગીતાબેન કિરીટ લોડાયા સાયરા-ડોંબિવલી, નીલમબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ, અ.સૌ.દિપાલીબેન ધવલ કિરણ દંડ પરજાઉ-ભાંડુપ, કિરીટ કરમશી દંડ-ભાંડુપ, હાનિકા નિશા નેણશી ખોના-ભુજ. સર્વે પરિવારોએ લાભ લીધેલ.

શિબિરમાં રોજના ૧૦ દિવસના ભાગ્યશાળી પરિવારો તરફથી ભક્તામરમાં રૂા.૫૦નો લક્કી ડ્રો.

સવારના રોજ સમૂહમાં સ્નાત્રપૂજા ભણાવવામાં આવતી. તેમાં રૂા.૧૦ની પ્રભાવના. રોજ વ્યાખ્યાન પ્રભાવના રૂા.૧૦/૨૦, પ્રતિક્રમણ પ્રભાવના રૂા.૧૦, રાત્રે ભક્તિ ભાવનામાં રૂા.૧૦ ની પ્રભાવના, બપોરના જાપમાં રૂા.૧૦ની પ્રભાવના, રોજના આંયબીલ/ઉપવાસવાળાને ૧૦૦ રૂા.ની પ્રભાવના. દરેક ભાગ્યશાળી પરિવારો લાભ લઈ રહ્યા હતા.

શિબિરના લાભાર્થી પરિવાર શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ ખૂબ ખૂબ અનુમોદના અને શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈના કાર્યકર ભાઈ-બહેનોની ખૂબ ખૂબ અનુમોદના.

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવની ખૂબ ખૂબ અનુમોદના.**

શિબિરમાં સર્વે શિબિરચાર્થીનો ખૂબ ખૂબ અનુમોદના. સર્વે દાતા પરિવારોને ભાગ લીધેલ સર્વેનું ખૂબ ખૂબ અનુમોદના.

# સંજીવની કેસ નં.૨૩૯ માટે જરૂરી ફંડ રૂા.૧.૬૫ લાખ જમા કરવા ક્રાઉડ ફંડિંગ શરૂ





કચ્છ તેરા હાલે ડોંબિવલીના ૭૪ વર્ષીય શ્રીમતી માધુરીબેન હીરાચંદ મોતાને છેલ્લાં એક મહિનાથી ઉલ્ટી, ૮ દિવસથી તાવ સાથે શરીરમાં સામાન્ય નબળાઈ, પેશાબની માત્રામાં ઘટાડો. ઓલિગુરિયા, સીરમ ક્રિએટાઈનમાં વધારો થવાના કારણોસર હોસ્પિટલાઈઝ કરાયા. ડૉક્ટર દ્વારા નિદાન કરાયું કે પેશાબની નળીઓમાં વિસ્તાર સાથે ચેપ અને કિડની પર તીવ્ર ઈજા, ડાયાબિટિસ મેલીટસનું સંતુલન કરવાની જરૂર હોવાનું કહ્યું.

દર્દી સંયુક્ત પરિવારમાં ૯૫ વર્ષીય માતા, નાના પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર સાથે રહે છે. મોટો પુત્ર અલગ રહે છે. સાથે રહેતો પુત્ર ભિંવડીમાં ગાર્મેન્ટ સ્ટોરમાં જુનિયર એકાઉન્ટન્ટની નોકરી કરી લઘુતમ વેતન મેળવે છે. પુત્રવૂ ગૃહિણી છે જ્યારે પૌત્ર સીએનો અભ્યાસ કરી રહ્યો છે અને આર્ટિકલશિપ કરે છે. પરિવારનો કોઈ મેડિક્લેમ નથી. આવા સંજોગોમાં મોતા પરિવારને સારવાર ઈલાજ માટે અંદાજિત ખર્ચ રૂા.૧.૬૫ જમા કરવાની જરૂરત આવી પડી. જેનાથી ઉગરવા પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી. જેને કેસ નં.૨૩૯ની ઓળખ અપાઈ ક્રાઉડ ફંડિગ ઓપન કરાયું.

આવો ઉદારદિલ જ્ઞાતિજનો આપણે સૌ સાથે મળીને શ્રી માધુરીબેન મોતાને ટેકો આપીએ અને તેઓ જે સ્વાસ્થ્ય બાબતે સંઘર્ષ કરી રહ્યાં છે. તેમાં તેઓને રાહત આપીએ રૂા.૧.૬૫ જમા કરવા ક્રાઉડ ફડિંગ ખૂલ્લું છે. જેને વહેલી તકે છલોછલ કરી દઈએ.

# પ્રો. હેતલ મૈશેરી લિખિત The Principles of Mohammedan Law પુસ્તક વિમોચન કરાયું






તા.૭ જૂન રવિવારના મેવાડ કેસરી ભવન ભાંડુપ મધ્યે સાંજના ૫ કલાકે નિષ્ણાંત કાયદાવિદ પ્રો. હેતલ મૈશેરી લિખિત કાયદાની છણાવટ કરતું અભ્યાસુ પુસ્તક The Principles of Mohammedan Law નું વિમોચન મુખ્ય અતિથિ વિશેષ વીપીએમ સંચાલિત ટીએમસી લો કોલેજ થાણેના વાઈસ પ્રિન્સિપાલ ડૉ. વિનોદ એસ.વાઘના હસ્તે શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના પ્રમુખ મનોજ લોડાયા, પ્રમોદ સોનીની ઉપસ્થિતિમાં કરાયું.

કચ્છ લાલા હાલે ભાંડુપના મૈશેરી પરિવાર દ્વારા હેતલ મૈશેરીના ભાઈ-ભાભીઃ પારસ મૈશેરી, શ્રીમતી દેશના પારસ મૈશેરી, ભત્રીજી સ્તુતી અને જીનાંગીની ૯૯ શંત્રુજ્ય યાત્રાની સાંજી પ્રસંગે સ્નેહીજનોની હાજરીમાં યોજાયેલ કાર્યક્રમમાં પુસ્તક વિમોચન સંપન્ન કરાયો.

# પ.પૂ.સાધ્વીશ્રી સંયમ પ્રિયાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૯ વર્ષ પૂર્ણ કર્યા



નાની સિંઘોડી-કચ્છના માવિત્ર માતુશ્રી શિલ્પા દીપક દેવશીભાઈ મૈશેરીના ધર્મભક્તિ અનુરાગી પુત્રી વિક્રમ સંવત ૨૦૭૩ના જેઠ માસ સુદ ૨ તિથિ દિને આત્મકલ્યાણના ભાવ સાથે સંયમ જીવનનો સ્વીકાર કરવાનો મન બનાવી ડોંબિવલી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી સંયમ પ્રિયાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના કઠીન પથનો પ્રવાસ શરૂ કર્યો.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતા કરતા અને ભક્તોને કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના જેઠ સુદ ૨ તિથિ દિને પૂજ્ય સાહેબજી સંયમ જીવનના નવલખા નવ વર્ષ પૂરા કરી ૧૦મા વર્ષમાં સકુશલ પ્રવેશ કર્યો છે. આજના સપરમા દિને સૌ ગુરૂ ભક્તોની ચાહના છે કે સાહેબજી સ્વસ્થતા પૂર્વક સંયમ જીવનના રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષ પૂર્ણ કરીને પણ આગળ શતક વર્ષની ટોચે બિરાજમાન થાય. એવી મંગલ કામના સાથે સાહેબજીને શત શત વંદના.



# પ.પૂ. સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૪મા વર્ષમાં પ્રવેશ કર્યો

કચ્છ કોઠારાના માવિત્ર માતુશ્રી જયાબાઈ લીલાધર ધનજીભાઈ દંડની ધર્મ ગુણ સંસ્કારી સુપુત્રી સંયમ જીવનના પંથે જવાના મક્કમ ઈરાદાથી વિક્રમ સંવત ૨૦૩૯ની જેઠ સુદ ૩ તિથિ દિને કોઠારા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા. ધારણ તરીકે સંયમ જીવનનો પ્રવાસ પ્રારંભ કર્યો.

તપ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં અને ભક્તજનોને કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના જેઠ વદ ૩ તિથિ દિને પૂજ્ય સાહેબજી સંયમ જીવનના ૪૩ વર્ષ પૂર્ણ કરી ૪૪મા વર્ષમાં સકુશલ પ્રવેશ કર્યો છે. આ સપરમાં દિને ગુરૂ ભક્તોની કામના છે કે સાહેબજી સંયમજીવનના સુવર્ણ વર્ષ, હીરક, અમૃત વર્ષથી પણ આગળ વધી સર્વોચ્ચ શિખર એવા શતક વર્ષની ટોચે બિરાજે એ શુભભાવના સહ શત શત વંદના.

# પ.પૂ.સાધ્વીજી આનંદકિરણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૯મા વર્ષમાં પ્રવેશ કર્યો

કોઠારાના માવિત્ર માતુશ્રી જયાબેન ટોકરશી શામજી લોડાયાના ધર્મ ભક્તિ સંસ્કારમાં લિપ્ત પુત્રી આત્મકલ્યાણના માર્ગે જવાના દ્રઢ નિશ્ચય સાથે ડોંબિવલી નગરે વિક્રમ સંવત ૨૦૫૪ની જેઠ સુદ ૨ તિથિ દિને અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી અને ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્ય બની નૂતન નામ પ.પૂ.સાધ્વી શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથના પ્રવાસનો આરંભ કર્યો.



ધર્મ, તપ, ત્યાગ, ભક્તિ, આરાધના કરતા અને કરાવતા આજે વિક્રમ સંવત ૨૦૮૨ના જેઠ સુદ ૨ તિથિ દિને સાહેબજી સંયમ જીવનના ૨૮ વર્ષ સકુશલ રીતે પૂર્ણ કરી ૨૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આજના મંગલ દિને શુભકામના વ્યક્ત કરીએ છીએ કે પૂજ્ય સાહેબજી આજ પ્રકારે ભક્તિ આરાધના કરતાં કરાવતા સંયમ જીવનના ૩ દાયકા પૂરા કરીને પણ સુર્વણ, હીરકને અમૃત વર્ષ ઓળંગી સિધ્ધિ શિખર એવા શતક વર્ષની ટોચે બિરાજે. એ ગુરૂભક્તોની શુભ ભાવના છે. સાહેબજીના સંયમ જીવનનો પ્રવાસ અવિરત રહે એજ શુભ કામના.

## Anumodana

### Sanjivani Case - 227

**Name: Mr. Harsh Vijay Chheda** | **Age : 45 Yrs.** | **Village: Naliya - Thane**

| | |
|---|---|
| **Ureniuam Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 30,000.00 |
| **Ureniuam Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 1,000.00 |
| **Emerald Patron** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 1,000.00 |
| **LifeTime Patron/ Sanstha** | |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Naliya | 5,000.00 |
| Shree KDO Jain Mahajan, Suthari | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd. (Shri Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000.00 |
| **Diamond Patron** | |
| Shree KDO Jain Sarvoday Mandal, Mulund | 1,000.00 |
| **Gold Patron** | |
| Shri Virendra Lakhamshi Luthia, Raydhanjar - Chembur | 1,500.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,25,000.00 |
| Seth Shri Narshi Natha Charity Trust Fund, Mumbai - Palitana-Naliya | 25,000.00 |
| Shri Damji Champsey Chheda, Naliya - Mulund | 15,000.00 |
| Shrimati Reena Ritesh Chheda (Shah) | 11,000.00 |
| Well Wisher... Silent Donor | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Rita Manikant Lodaya, Jakhau - Mulund | 10,000.00 |
| Shri Raichand Malshi Motta, Kuvapadhar - Salem | 6,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Dakshaben Hanskumar Chheda, (H: Khush Alpa Bhavik Chheda),Sujapur - Mulund | 5,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 3,000.00 |
| Shri Harish Shah | 3,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Vadodara | 2,501.00 |
| Shri Pratap Nenshi Dharamshi, Kothara - Mulund | 2,500.00 |
| Shri Ravi Navin Shah | 1,100.00 |
| Shri Jayesh Chandrakant Nagda, Khamgam | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Shailesh Jethalal Nagda, Naliya - Mulund | 1,000.00 |
| Shri Sudhir Jaychand Lodaya, Naliya - Rajkot | 1,000.00 |
| Shri Vastupal Tejpal Nagda, Gandhidham | 1,000.00 |
| Shrimati Minal Dand | 1,000.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Varadiya - Malkapur | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતાં સેવાભાવીઓનું સન્માન





દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળતાપૂર્વક ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા ભુજ સ્થિત માનવજ્યોત સંસ્થાના કાર્યાલયની મુલાકાત લેવામાં આવી હતી.

આ પ્રસંગે માનવજ્યોત સંસ્થાના પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરને સાંસદ શ્રી દ્વારા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ સંસ્થા દ્વારા કરવામાં આવતા વિવિધ સેવાકીય કાર્યોને બિરદાવવામાં આવ્યા હતા.

માનવજ્યોત સંસ્થાના પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની અને દીપેશ શાહ દ્વારા સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાનું કુંડા-ચકલીઘર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. અને ઉષ્માભર્યો આવકાર આપવામાં આવ્યો હતો.

આ મુલાકાત દરમિયાન માનવજ્યોત સંસ્થા દ્વારા ચાલી રહેલી વિવિધ સામાજિક અને માનવસેવાની પ્રવૃતિઓ અંગેની વિગતવાર માહિતી સાંસદશ્રીને આપવામાં આવી હતી. સંસ્થાના સેવાકીય કાર્યો અંગે જાણીને તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને ભવિષ્યમાં પણ આવા સેવાકાર્યો સતત ચાલુ રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.



કાયક્રમમાં ભુજ શહેર ભાજપ પ્રમુખ મીત ઠક્કર, જીગર શાહ, જયેશ ઠક્કર સહિત ભાજના કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ધી આર્ટ ઓફ લીવીંગ સેન્ટર બેંગ્લોર દ્વારા ‘‘અનસંગ એવરીડે હીરોઝ એવોર્ડ,, અર્પણ કરાયો



ધી આર્ટ ઓફ લીવીંગ બેંગ્લોર દ્વારા પૂ. ગુરૂદેવ શ્રી શ્રી રવીશંકરજીનાં ૭૦ માં જન્મદિન નિમિત્તે ગાંધીધામ-કચ્છ મધ્યે કચ્છનાં પ્રબોધ મુનવરને સમાજસેવા ક્ષેત્રે ‘‘અનસંગ એવરીડે હીરોઝ એવોર્ડ’’ અર્પણ કરાયો હતો.

કચ્છમાંથી ૨૩ નોમીનેશન આવેલા. જે બેંગ્લોર ધી આર્ટ ઓફ લીવીંગ સેન્ટર બેંગ્લોરને મોકલવામાં આવેલ. જ્યાંથી બે નામો જાહેર કરાયા હતા.

ભકતજનોની વિશાળ ઉપસ્થિતિમાં એસ.આર.સી. સત્સંગ હોલ હેમુકાલાની નગર આદિપુર મધ્યે યોજાયેલ આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમમાં પૂજ્ય ગુરૂદેવ શ્રીશ્રી રવિશંકરજીનાં આશિર્વાદથી આ એવોર્ડ અર્પણ કરાયા હતા.

પ્રારંભે ભાવિક મિસ્ત્રીએ ભજન-કીર્તન-સત્સંગની ભારે રમઝટ જમાવેલ. પ્રબોધ મુનવરે આભારની લાગણી વ્યકત કરતાં કચ્છભરમાં માનવજ્યોત સંસ્થા ભુજની ચાલી રહેલી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

દીપક ગુપ્તા, નરેન્દ્રભાઈ કચ્છી, અશોકભાઈ પરીખ, આશાપુરા ગ્રુપ ઓફ કંપનીઝના સિનિયર મેનેજર માઝાભાઈ આહિર તથા સમગ્ર ટીમે કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી.



# કચ્છ-કલગી એવોર્ડ-૨૦૨૬
# પ્રબોધ મુનવરને ''સમાજરત્ન એવોર્ડ''




જયશ્રી ફાઉન્ડેશન ભુજ દ્વારા કચ્છ કલગી એવોર્ડ-૨૦૨૬ જાહેર કરાયો હતો. જેમાં માનવજ્યોત ભુજનાં શ્રી પ્રબોધ મુનવરને ''સમાજરત્ન'' એવોર્ડ અર્પણ કરાયો હતો.

માનવજ્યોતનાં પ્રબોધ મુનવરને સમગ્ર કચ્છમાં ચાલી રહેલી તેમની સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાને લઈને 'સમાજરત્ન' એવોર્ડ અર્પણ કરાયો હતો.

ભુજ સ્મૃતિવન મધ્યે યોજાયેલ કચ્છ કલગી એવોર્ડ સમારોહમાં મિલનભાઈ સોની, દેવ્યાનીબેન સોની, સુભાષભાઈ બી. સોની, કચ્છી સાહિત્યકાર ડો. કાન્તીભાઈ ગોર, નવલકથા સાહિત્યકાર ગૌતમભાઈ જોષી, ડો. દક્ષાબેન મહેતા, પારૂલબેન પટેલ, અનિરૂદ્ધભાઈ આહિર અને રામ મોરી સાહેબનાં વરદ્ હસ્તે શ્રોતાઓની વિશાળ ઉપસ્થિતિમાં સમાજ રત્ન એવોર્ડ અર્પણ કરવામાં આવેલ.



# ભદ્રેશ્વરમાં ભાવિકોની ઉપસ્થિતિમાં શ્રી રામદેવપીરનો પાઠ યોજાયો







ભદ્રેશ્વરમાં કૌશિકભાઇ લીલાધર ખોના પરિવારનાં નિવાસ સ્થાને શ્રી રામદેવપીર, ધણીબાવાનો પાઠ વાજતે-ગાજતે શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે યોજાયો હતો.

પાઠની શાસ્ત્રોક્ત વિધિ વિધાન પ્રબોધ મુનવરે કરાવેલ. ચેતનભાઇ ખોના ચીમનભાઇ જીવાણી, ખુશાલભાઇ ખોના, હરીશ મૈશેરી, દીપેશ શાહ તથા ધણીબાવા પાઠમાં બેસતા ભાવિકો જોડાયા હતા. સૌએ સાથે પ્રસાદ લીધો હતો.

# ક.દ.ઓ. જૈન મહિલા મંડળ ભુજ દ્વારા વિશ્વ યોગા દિવસ ઉજવાયો





શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજ દ્વારા વિશ્વ યોગાદિવસની ઉજવણી કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર મધ્યે કરવામાં આવી હતી. મહાજનશ્રી, મહિલા મંડળ, યુવક મંડળનાં સભ્યોએ યોગા કર્યા હતા.યોગા કોચ યોગીતાબેન સોનીએ યોગાની સમજ પૂરી પાડી યોગા કરાવ્યા હતા. મંડળનાં પ્રમુખ જયાબેન મુનવર, ઉપપ્રમુખ જયુબેન શાહ, મંત્રી જીનાલી મુનવર, અમિતા જૈન, દીપીબેન મોતા, ડીમ્પલ ધરમશી, નિશા ખોના, હર્ષા શાહ, ગુણવંતીબેન મોતા, રેવન્તી મુનવર, દક્ષા છેડા, લીલાવંતી મુનવર, દિલીપ મોતા, મહેન્દ્ર લોડાયા, અનીલ શાહ, તુષાર જૈન, હિતેશ ધરમશી, હીરાલાલ લોડાયા, કનિષ્ક શાહ, સહિતનાંઓએ યોગા અંગે જ્ઞાન મેળવ્યું હતું. મંડળ દ્વારા યોગીતાબેન સોનીનું બહુમાન કરવામાં આવેલ.

## Anumodana

| Sanjivani Case - 228 | |
|---|---|
| **Name: Mr. Daneshwar Ratilal Momaya    Age : 66 Yrs.    Village: Sayera - Masjid Bunder** | |
| **Ureniuam Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 50,000.00 |
| **Ureniuam Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 2,000.00 |
| **Emerald Patron** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 2,000.00 |
| **LifeTime Patron/ Sanstha** | |
| Shree KDO Sayera Jain Mahajani | 50,000.00 |
| Shree Sayera Charitable Trust | 50,000.00 |
| Shree KDO Jain Sangh, Pune (H: Committee Member) | 8,000.00 |
| Shree KDO Jain Mahajan, Suthari | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Masjidbunder Jain Sangh, Mumbai | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, (Mr. Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000.00 |
| **Diamond Patron** | |
| Shree KDO Jain Sarvodaya Mandal, Mulund | 1,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 1,000.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 1,000.00 |
| **Gold Patron** | |
| Shrimati Damyantiben & Dilipbhai Kunverji Dand, Varadiaya (Ahmedabad) | 1,000.00 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 1,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 1,000.00 |
| Matushri Sonbai Trikamji Virji Soni, Vanku - Wadala | 1,000.00 |
| Shrimati Rekhaben Virendra Lodaya ( Shah ), Varadia - Juhu | 1,000.00 |
| Shrimati Deenaben Janak Daulat , Suthri - U.S.A. | 700.00 |
| Shri Virendra Lakhamshi Luthia, Raydhanjar - Chembur | 700.00 |
| **Individual Donors** | |
| Well Wisher...A Silent Donor | 1,51,000.00 |
| Well Wisher... Silent Donor | 10,000.00 |
| Well Wisher | 5,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Pratap Nenshi Dharamshi , Kothara - Mulund | 2,500.00 |
| Shri Ravi Navin Shah | 1,100.00 |
| Well Wisher | 1,000.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Varadiya - Malkapur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Jayesh Chandrakant Nagda, Khamgaon | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Pomesh Hirachand Momaya, Ghatkopar | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah(Lodaya), Raichur | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Sayera - Adipur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case - 229**

**Name: Mr. Laxmichand Jivraj Dand** | **Age : 68 Yrs.** | **Village: Sandhav - Masjid Bunder**

| | |
|---|---|
| **Ureniuam Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 25,000.00 |
| **Ureniuam Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Emerald Patron** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **LifeTime Patron/ Sanstha** | |
| Shree KDO Jain Sandhav Mahajan | 50,000.00 |
| Shree KDO Jain Mahajan, Suthari | 5,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| Shri Shirishbhai Devji Nagda & Smt. Manishaben Shirish Nagda, Rangpur - Coimbatore (H: Rahul & Aarti, Sandee | 2,000.00 |
| Master Vihaan Pratik Dand (H: Hirahand Damji Dand - Manjal Reladia - Mumbai) | 2,000.00 |
| Ek Sadgrahasth | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Virendra Lakhamshi Luthia, Raydhanjar - Chembur | 1,500.00 |
| Well Wisher | 1,000.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 1,000.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 1,000.00 |
| Shri Manish Hirji Shah, Sujapur, Dadar | 1,000.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 1,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 1,000.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 1,000.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 1,000.00 |
| Late Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 1,000.00 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 1,000.00 |
| **Silver Patron** | |
| Shrimati Rita Manikant Lodaya (H: Rajendra Raghavji Nagda, Sandhan) | 1,500.00 |
| Late Shri Padamshibhai Kunvarji Lalka(Shah) H: Hemlataben Padamshibhai Lodaya | 1,500.00 |
| Shri Nikhil Gulab Chheda, Naliya - Bangalore | 1,500.00 |
| Shri Manojkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 1,400.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... Silent Donor | 10,000.00 |
| Shree Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |

| | |
|---|---:|
| Shrimati Geeta Harish Shah(Lodaya), Sayera- Raipur | 3,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shri Ravi Navin Shah, Mulund | 1,100.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Jayesh Chandrakant Nagda, Khamgaon | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Sayera - Adipur | 500.00 |
| Shri Shrikant Bankimchand Shah(Lodaya), Raichur | 500.00 |
| Previous Case No. 227 Balance | 20,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન થી ઓગસ્ટ થી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૨૩-૨૫ જૂન ૨૦૨૬ | શ્રી જખૌ તીર્થ શ્રી મહાવીર સ્વામી જિનાલય ૧૭૮ મો ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ |
| ૨૫-૨૭ જૂન ૨૦૨૬ | નાની ખાવડી-શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય : ૧૧મો ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ. તથા નૂતન ઉપાશ્રય ઉદઘાટન તથા નૂતન અતિથિ ગૃહ ખનન વિધિ. |
| ૨૮ જૂન ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત જૈનત્વની કથા શ્રેણી -૩. પ્રસ્તુતી: પંડિત વર્ય વિશાલભાઇ ધરમશી. સ્થળ : પર્લ બેન્ક્વેટ, આશા નગર, મુલુંડ પ. સવારે ૯.00 ક. થી |
| 0૩ જુલાઈ ૨૦૨૬ | શ્રી મંજલ રેલડીયા જૈન સંઘ દેરાસર સંકુલમાં ગુરૂ ગુણોદય મંદિર તથા ઉપાશ્રયના ખનન / શિલારોપણ |
| 0૫ જુલાઈ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત જૈનત્વની કથા શ્રેણી-૪. પ્રસ્તુતી પંડિત વર્ય વિશાલભાઇ ધરમશી. સ્થળ : પર્લ બેન્ક્વેટ, આશા નગર, મુલુંડ પ. સવારે ૯.00 ક. થી |
| ૧૨ જુલાઈ ૨૦૨૬ | અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગર સાગર સુરીશ્વરજી મ.સા. આદી ઠાણાઓનો ચાતુર્માસ પ્રવેશ-અનંત સિધ્ધિ, ભાંડુપ. |
| ૨૧ જુલાઈ ૨૦૨૬ | નલિયામાં ખોના ફળિયામાં બિરાજમાન ખોના પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની સમૂહ નૈવેધ પ્રસાદ પહેડી સવારના ચડતે પહોરે, નલિયા સ્થાનકે. |
| ૨૪-૨૬ જુલાઇ ૨૦૨૬ | શ્રી કચ્છી ઓશવાળ જૈન એસોશિએશન નોર્થ અમેરીકા આયોજિત સ્નેહમિલન : ન્યુ જર્સી, અમેરિકા. |
| ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ | શ્રી વરાડીયા તીર્થ: શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય ૧૨૪ મો ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ |
| ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ તરફથી નર્સરીથી ધો. ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય : વી.એલ.વી.જી., ઘાટકોપર. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ. |

# ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા હાર્દિક આમંત્રણ

જય જિનેન્દ્ર

વર્ષોથી સેવાયેલા સ્વપનો જ્યારે સાકાર થાય છે ત્યારે તે માત્ર એક ઇમારતનું નિર્માણ નથી હોતું, પરંતુ સમગ્ર સમાજની એકતા, સમર્પણ અને સહકારનું જીવંત પ્રતીક બની રહે છે.

અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી સાથે જણાવવાનું કે શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ દ્વારા નિર્માણાધીન શેઠ રાયચંદ ધરમશી ભવન હવે પૂર્ણતાના આરે છે અને તેનું લોકાર્પણ તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ (રવિવાર) ના શુભ દિવસે યોજાવા જઈ રહ્યું છે.

જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓના દાન, શુભેચ્છકોના સહયોગ અને અસંખ્ય જ્ઞાતિજનોના સાથ-સહકારથી આજે જ્ઞાતિનું એક ભવ્ય અને ઐતિહાસિક સાત માળનું સર્વસુવિધાસભર ભવન તૈયાર થયું છે. આ ભવન જ્ઞાતિના ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે.

ભવનમાં આરાધના માટેનું આરાધના ભવન, ધાર્મિક પ્રવચનો માટેનો વ્યાખ્યાન હોલ, સેવાકીય પ્રવૃત્તિઓ માટેની ભોજનશાળા, વિવિધ કાર્યક્રમો માટેના બહુઉદ્દેશીય હોલ, બહારગામથી આવતા મહેમાનો માટેનું અતિથિ ગૃહ તેમજ વિદ્યાર્થીઓ માટેનું વિદ્યાર્થી ગૃહ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

આ અવસરની વિશેષતા એ છે કે ભવન લોકાર્પણની આ ઐતિહાસિક ક્ષણ સાથે સોનામાં સુગંધ ભળે તેવી પાવન ઘટના પણ જોડાઈ રહી છે. એ જ શુભ દિવસે ખાનદેશ રત્ના પ.પૂ. સાધ્વીજી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ નું અમદાવાદની પાવન ભૂમિ પર પ્રથમ આત્મોન્નતિ ચાતુર્માસ પ્રવેશ થવા જઈ રહ્યો છે.

એક તરફ જ્ઞાતિના વર્ષો જૂના સ્વપનનું સાકાર સ્વરૂપ એવા ભવ્ય ભવનનું લોકાર્પણ અને બીજી તરફ પૂજ્ય ગુરૂભગવંતોની નિશ્રામાં પ્રથમ આત્મોન્નતિ ચાતુર્માસનો મંગલ પ્રારંભ  આ બંને શુભ પ્રસંગો જ્ઞાતિના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થનારી અવિસ્મરણીય ક્ષણો બની રહેશે.

આથી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના સર્વે મહાજનશ્રીઓ, દાનવીર દાતાશ્રીઓ, મહાનુભાવો તથા જ્ઞાતિજનોને આ ઐતિહાસિક અને આધ્યાત્મિક મહોત્સવમાં પરિવાર સહિત પધારી કાર્યક્રમને શોભાયમાન બનાવવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

વધુ માહિતી તથા આપના આગમનની જાણ કરવા માટે સંપર્ક :

**રાજેશ ખીમચંદ ધરમશી-૯૯૨૫૦ ૩૮૮૯૬.**

આવો, આપણે સૌ મળીને જ્ઞાતિના ગૌરવ, એકતા અને ધર્મ આરાધનાના આ સુવર્ણ પર્વના સહભાગી બનીએ.

**નિમંત્રક**

**શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ**

શ્રી નેમિનાથાય નમઃ

શ્રી આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય
કલા - કવી - વીર - મહોદયસાગરસૂરી ગુરુભ્યો નમઃ

# आमंत्रणम्

## પાટનગર અમદાવાદ નગરે

શ્રી ગુણોદય-મુકતિ-જય-ગુણ ના પવિત્ર આશિષોથી અલંકૃત
શાસન પ્રભાવિકા પ. પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના સુશિષ્યા
ખાનદેશ રત્ના

**પ. પૂ. સાધ્વીજીશ્રી જયદર્શિતાશ્રીજી મહારાજ સાહેબ**
પ. પૂ. સાધ્વીજીશ્રી હિમાંશુશ્રીજી મહારાજ સાહેબ
પ. પૂ. સાધ્વીજીશ્રી જિનાજ્ઞાંશુશ્રીજી મહારાજ સાહેબ

**"આત્મોન્નતિ ચાતુર્માસ પ્રવેશ"**

તથા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ
**"શેઠ રાયચંદ ધરમશી ભવન"**

લોકાર્પણના શુભ અને ઐતિહાસિક અવસરે

## હાર્દિક આમંત્રણ

તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ રવિવાર


શુભ સ્થળ:
**શ્રી કે.ડી.ઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ**
શેઠ રાયચંદ ધરમશી ભવન, પી.ટી.ઠક્કર કોલેજ રોડ,
પાલડી, અમદાવાદ.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ

**"શેઠ રાયચંદ ધરમશી ભવન"**

# - કાર્યક્રમની રૂપરેખા -

## તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ રવિવાર



**નવકારશી**

સવારે ૭:30 કલાકે

**પૂજ્ય ગુરુદેવશ્રીનું સામૈયું**

સવારે ૮:30 કલાકે

**પૂજ્ય ગુરુદેવશ્રીનો ચાતુર્માસ પ્રવેશ**

સવારે ૯:00 કલાકે

**શેઠ રાયચંદ ધરમશી ભવનનું લોકાર્પણ તથા લાભાર્થી પરિવારોના બહુમાન**

સવારે ૧૦:00 કલાકે

**સાધર્મિક ભક્તિ**

બપોરે ૧:30 કલાકે



શુભ સ્થળ:
શ્રી કે.ડી.ઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ
શેઠ રાયચંદ ધરમશી ભવન,
પી.ટી.ઠક્કર કોલેજ રોડ, પાલડી, અમદાવાદ.

**લી. શ્રી કે.ડી.ઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ વતી**

જીતેન્દ્ર દેવજી ખોના, પ્રમુખશ્રી - ગુલાબ ધનજી દંડ, મેં.ટ્રસ્ટીશ્રી
રાજેશ ખીમચંદ ધરમશી, માનદ મંત્રીશ્રી

## Anumodana

| Sanjivani Case - 230 | |
|---|---|
| Name: Mr. Hirachand Vershi Soni Age : 72 Yrs. Village: Vanku - Chalisgaon | |
| **Ureniuam Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 60,000.00 |
| **Ureniuam Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 2,000.00 |
| **Emerald Patron** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 3,000.00 |
| **LifeTime Patron/ Sanstha** | |
| Shree KDO Jain Gnati Mahajan, Vanku | 21,000.00 |
| Shree KDO Jain Sangh, Pune (H : Committee Members) | 8,000.00 |
| Shree KDO Jain Mahajan, Suthari | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Virendra Lakhamshi Luthia, Raydhanjar - Chembur | 1,500.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 2,11,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 20,000.00 |
| Matushri Bayabai Shamji Motta Parivar, Naliya - Lonavala | 11,000.00 |
| Well Wisher ... Silent Donor | 10,000.00 |
| Jay Mataji (Well Wisher) | 5,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivar, Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Shree Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 5,000.00 |
| Shrimati Geeta Harish Shah(Lodaya), Sayera- Raipur | 5,000.00 |
| Shri Pratap Nenshi Dharamshi, Kothara - Mulund | 2,500.00 |
| Shrimati Yogini Jayant Motta | 2,500.00 |
| Shri Jugal Manekji Nagda | 1,800.00 |
| Shri Ravi Navin Shah, Mulund | 1,100.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Jayesh Chandrakant Nagda, Khamgaon | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Deepak k. Dharamshi | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah(Lodaya), Raichur | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**અનિલભાઈ નાગડા**

તા. ૧૪ જૂન (ઉ.વ.૭૩)


તેરા - મુલુંડ



**લાલજીભાઈ લોડાયા**

તા. ૧૬ જૂન (ઉ.વ.૮૬)

સુથરી - મુલુંડ



**પ્રવિણભાઈ ધરમશી**

તા.૧૬ જૂન (ઉ.વ.૭૩)

જખૌ - ગદગ



**કિરિટભાઈ દંડ**

તા.૧૭ જૂન (ઉ.વ.૭૫)


મંજલ રેલડીયા - ભાંડુપ



**દિલીપભાઈ નાગડા**

તા. ૧૭ જૂન (ઉ.વ.૬૨)

ગોયરસમા - સેંધવા



**ભાસ્કરભાઈ લાપસિયા**

તા. ૧૭ જૂન (ઉ.વ૭૮)

રવા - અમેરિકા



**જયંતિભાઈ લોડાયા**

તા.૧૮ જૂન (ઉ.વ.૮૧)

મોટી ખાવડી - મુલુંડ



**રાયચંદભાઈ સોની**

તા.૧૯ જૂન (ઉ.વ.૮૨)

સુથરી - મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.




● ભુજ તાલુકાના કુકુમા ગામના પૂર્વ મહિલા સરપંચ કંકુબેન વર્ષ ૨૦૧૬માં જ ૧૬ તેજસ્વી દીકરીઓના નામે ગામનાં માર્ગોનું નામકરણ કરી ચૂકયાં છે. જેની સંખ્યા આજે ૨૨ની થઇ ગઈ છે.

● ધડુલી-સાંતલપુર નેશનલ હાઇવે અંતર્ગત રણ ચીરીને બનાવાયેલા સિંગલપટ્ટી રોડ જે રોડ ટુ હેવન નામે પ્રસિધ્ધ રસ્તો માત્ર-કચ્છ-ગુજરાત-ભારત જ નહી વિશ્વભરમાં પ્રસિધ્ધ થયો છે. ૩૦ કિલો મીટરના આસફાટ વચ્ચેના રણની સુંદરતા માણવા પ્રવાસીઓ અચુક આવે જ છે. આ રસ્તાને પહોળો કરવા માટે કેન્દ્ર સરકારે મંજુરી આપતા રોડ ટુ હેવન હવે હાઇવે ટુ હેવન બનશે. ધોળાવીરાથી કાઢવાંઢ, ખાવડા, હાજીપીર, ઝારા ધડુલી લખપત સુધીના ટુ લેન રાષ્ટ્રીય ધોરી માર્ગ બનાવવા ૬૫૦.૪૨ કરોડની મંજૂરી આપવામાં આવી છે.

● સૌરાષ્ટ્રમાં સાસણ કે ગીરમાં દરરોજ હજારો પ્રવાસીઓ સિંહદર્શન કરવા જાય છે. તેવી જ રીતે આવનારા દિવસોમાં કચ્છના લખપત તાલુકાના અભયારણ્ય જાહેર થયેલા નારાયણ સરોવર વિસ્તારમાં ભવિષ્યમાં દીપડા ફરતા નિહાળવા હજારો પર્યટક આવશે. એ દિશામાં અત્યારથી જ જિલ્લાના વન વિભાગ તરફથી કામગીરી ચાલુ છે. કનોજ પાસે ઘુણાય વન વિસ્તારની હદમાં સંવર્ધન કેન્દ્રમાં ૧૩ દીપડાઓ ૨૦ ફૂટ ઊંડા એન્કલોઝરમાં વસવાટ કરી રહ્યાં છે. લેપર્ડ સફારી માટે મંજૂરી આપવા પ્રવાસન વિભાગ પાસે દરખાસ્ત રજૂ કરાઈ છે. રામસર સાઈટ લેપર્ડ સફારી ઉપરાંત પડાણા બેટમાં ચેરિયા સંવર્ધન કેન્દ્ર વગેરે આવરી લે તે રીતે પક્ષી પ્રાણી દર્શનની સર્કિટ બનાવવા આયોજન ગોઠવાઈ રહ્યું છે.

● વતન પ્રેમી કચ્છીઓ માતૃભૂમિની હાકલ પડે એટલે મદદરૂપ બનવા દોડી આવે છે. દુબઈમાં પોણા ત્રણ દાયકાથી વસતા મૂળ વાગડના યોગેશ દોશી અને અશોક દોશી અખાતી યુધ્ધના કારણે ફસાઈ ગયેલા ભારતીઓની મદદ માટે ૬૪ યુનિટ એપાર્ટમેન્ટ ફ્લેટ ખોલી આપી. આશારો આપ્યો છે. ખાવા, પીવા, મનોરંજનની વ્યવસ્થા કરી આપી છે. પરિવાર સાથે ફરવા આવેલાઓ માટે અજાણ્યા મુલકમાં રહેવું ક્યાં એ પ્રશ્ન તેમણે આગળ આવી ઉકેલી આપ્યો. જિમ્નેશિયમ, સ્વીમિંગ પુલ જેવી રહેણાંક સુવિધાઓનો ઉપયોગ કરવાની પણ સુવિધા પણ છે.

● ભુજ તાલુકાના કાળી તળાવડીની પૂજા આહીર-પટેલ ગાંધીનગરમાં બારમું ધોરણ સારા માર્ક સાથે પાસ કરી. ૧૭ વર્ષની ઉંમરે અમેરિકાના એટલાન્ટામાં આવેલી એવીએશન ફ્લાઈંગ સ્કૂલમાં પ્રવેશ લીધો. માત્ર ૧૪ કલાકની ટ્રેનિંગમાં જ સોલો ફ્લાઈંગ માટે લાયકાત મેળવી અને ૨૫૦ કલાકનું ઉડ્ડયન અભ્યાસ દસ મહિનામાં પૂર્ણ કરી ૨૦૦૮માં કોમર્શિયલ પાઈલટનું લાઈસન્સ મેળવી ભારત પરત આવી. વર્ષ ૨૦૧૦માં ઈન્ડિયન કોસ્ટગાર્ડમાં જોડાઈ કેરળની ઈન્ડિયન નેવલ એકેડેમીમાં છ મહિનાની કઠોર મિલિટરી ટ્રેઈનિંગ લીધી. વિવિધ ઓપરેશન હિસ્સો બની તથા સર્ચ ઓપરેશનમાં પણ મહત્વપૂર્ણ કામગીરી નિભાવી. ડીજીસી પ્રશંસા પદક મેળવ્યું. ૨૦૧૬માં ઈન્ડિયન નેવીના ઈન્ટર નેશનલ ફ્લેટ રિવ્યૂમાં ડાયમંડ ફોર્મેશન ફ્લાઈંગ કરવાનો અવસર મળ્યો. વર્ષ ૨૦૧૮માં ઈન્ડિગો એરલાઈન્સમાં કેપ્ટન તરીકે જોડાઈ હાલમાં તેણીનું પોસ્ટિંગ અમદાવાદમાં છે. વ્યવસાયિક ક્ષેત્રમાં આગળ આવવા ઈચ્છતી બહેનોને શીખ આપતાં કહે છે કે જીવનમાં આગળ વધવાની પ્રક્રિયા ક્યારેય પૂર્ણ થતી નથી. શીખવાનું મહેનત કરવાનું અને નવા પડકારોને સ્વીકારવું એ એક નેવર એન્ડિંગ પ્રોસેસ છે. દુનિયા એક ખુલ્લું મેદાન છે. બસ હિંમતથી આગળ વધવાની જરૂર છે.

● અંજારથી આવતા આદિપુરના ઓમ મંદિર થઈને ગાંધીધામના રાષ્ટ્રીય ધોરી માર્ગને જોડતો ૧૦ કિલો મીટરનો રીંગ રોડ ૧૩૫ કરોડના ખર્ચે બનાવવાની તજવીજ શરૂ કરાઈ છે. ચાર માર્ગીય રોડ, પાણી નિકાલની વ્યવસ્થા તથા યુટિલિટી લાઈનો નાખવા સાથે સિમેન્ટ કોક્રીંટકરણ તૈયાર થશે. આ ગ્રીન રિંગ રોડ ગોપાલપુરી રેલવે સ્ટેશન જવા આવવામાં પ્રવાસીઓને સારી સુવિધાઓ મળશે.

# ગુર્જરમાત

## ફન કલબ

## વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર

**A-4 બુક**



**A-5 બુક**



**લૉંગ બુક**





**જમ્બો બુક**



## 72 પેજ, 140 પેજ અને 172 પેજીસ

## એક ડઝન પર એક ડઝન ફ્રી નોટબુક




B-3, Krishna Kunj, Valji Laddha Road, Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).

**Contact : 98690 05403 / 93222 57731**